અપીલ અરજી નં.૨૨ તા.૨૮–૪–૦૮

અરજદારઃ શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**હુકમઃ–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૧– ૩–૩–૦૮ની અરજીથી અડાજણ રે.સ.નં.૩૧૦,૩૧૧ ની મિલ્કતમાં બનેલ રાધાકૃષ્ણ સોસાયટીનાં પ્લોટ નં.૧ થી ૧૨૪ નાં સભ્યોના ટેના.નં.નામ તથા પ્લોટ નંબર તથા કરી આપેલ દસ્તાવેવ ફી જે સભ્યના નામ દાખલ કરેલ છે તેની પૂરી વિગતની માહિતી મેળવવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૮–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૨/૨૦૦૮–૦૯

શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંકની તા.૧૩–૩–૦૮ની અરજીથી અડાજણ રે.સ.નં.૩૧૦,૩૧૧ ની મિલ્કતમાં બનેલ રાધાકૃષ્ણ સોસાયટીનાં પ્લોટ નં.૧ થી ૧૨૪ નાં સભ્યોના ટેના.નં.નામ તથા પ્લોટ નંબર તથા કરી આપેલ દસ્તાવેવ ફી જે સભ્યના નામ દાખલ કરેલ છે તેની પૂરી વિગત બાબતે જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ રાંદેર ઝોન ધ્વારા પત્ર નં. પશ્ચિમ/૩ તા.૮–૪–૦૮ થી ૩૧૦,૩૧૧રાધાકૃષ્ણ સોસાયટીનાં પ્લોટ નં.૧ થી ૧૨૪ના કરદાતાના નામો રૂા.૨/– લેખે એક નકલદીઠ ભર્યેથી પાર્ટીસ્ટેટસ આપવામાં આવશે એમ જણાવેલ. પરંતુ અરજદારને સોસાયટીના ઓર્ગેનાઈઝરે કરી આપેલ દસ્તાવેજથી જે સભ્યોના નામ દાખલ થયેલ છે તેની પૂરી વિગતો આપેલ ન હોય એપેલેટ ઓફિસરને તા.૨૮–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતી પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫ તા.૧–૫–૦૮ ના રોજ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી કોઈ પણ માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતી ઈન્કાર અંગે કોઈ અપવાદ રજૂ કરવામાં આવેલ નથી.

અરજદાર તેમની રજૂઆતમાં જણાવે છે કે તા.૮–૪–૦૮ના પત્રના જવાબથી આપેલ માહિતી અમોને માંગ્યા મુજબની આપવામાં આવેલ નથી. આમ માહિતીના વિલંબ અંગે પણ ફરીયાદ કરેલ છે. તથા જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટ હેઠળ પ્રતિદિન રૂા.૨૫૦/– દંડ વસુલાત તેમજ ફરીયાદીને હેરાનગતી સબબ બદલા સ્વરૂપના ખર્ચ તથા વળતરની માંગણી કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૩–૦૮ ની અરજીથી માગવામાં આવેલ માહિતી પૈકી આંશિક માહિતી ટેનામેન્ટના નામનંબર દર્શાવતી પાર્ટીસ્ટેટસની નકલો નિયત ફી ભરી મેળવી લેવા જાહેર માહિતી અધિકારીએ નિયત સમયે અવધિમાં અરરજદારને સૂચિત કરવા છતાં અરજદારને તે માહિતી મેળવેલ જણાતી નથી જેથી અરજદારને તે માહિતી નિયત ફી ભરી મેળવી લેવા જણાવવામાં આવે છે. તે સિવાયની માહિતી કરી આપેલ દસ્તાવેજની જે સભ્યોના નામો દાખલ કરેલ છે તેની વિગત અંગે જરૂર જણાયે આરટીઆઈ એકટ કલમ–૧૧ સહિતના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી વાંધા ના કિસ્સામાં જાહેર હિત ચકાસી દિન–૭ માં વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે."

અરજદારની અપીલમાં દંડ તેમજ વળતર અંગેની માંગણી બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૯ અને ૨૦ હેઠળ આ સત્તા રાજય માહિતી આયોગ ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક કચેરી સેકટર–૧૮ સચિવાલય ગાં ધીનગરને હોઈ તે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, .રાંદેરઝોન.... જાણ તથા અમલમાટે
(૨) શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ ટાંક,